eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 339
Aug 23, 2013



## ૬૭મા સ્વાતંત્ર્યદિન : ૧૫મી ઓગષ્ટ–૨૦૧૩ની ઉજવણી

ભારતના રાષ્ટ્રીયપર્વ ૬૭મા સ્વાતંત્ર્યદિન : ૧૫મી ઓગષ્ટ–૨૦૧૩ની ઉજવણી સુરત મહાનગરપાલિકા દ્વારા ધ્વજવંદન સમારોહ અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન તા.૧૫/૦૮/૨૦૧૩ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ન.પ્રા.શિ.સમિતિ શાળા નં.૨૪૬, ૨૪૭ ઈશ્વરપુરા નવાગામ, ડીંડોલી મેઈન રોડ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સામાજિક સુરક્ષાઓની યોજનાઓના ૧૦૦ % અમલ સુનિશ્રિત કરવા અંગે તા.૧૫/૮/'૧૩ ના રોજસુરત મહાનગરપાલિકાના સૌજન્યથી કલ્યાણકારી યોજનાઓ સંદર્ભે યોજાયેલ સેમીનાર

સામાજિક સુરક્ષાઓની યોજનાઓના ૧૦૦ % અમલ સુનિશ્રિત કરવા અંગે તા.૧૫/૮/'૧૩ ના રોજ બપોરે ૩:૦૦ કલાકે 'કોન્ફરન્સ હોલ' , મહાનગરપાલિકાની મુખ્ય કચેરી, મુગલીસરા, સુરત ખાતે સુરત મહાનગરપાલિકાના સૌજન્યથી યુ.સી.ડી. વિભાગ, આઈ.સી.ડી.એસ. વિભાગ, સરકારશ્રીના મહેસુલ વિભાગ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા આરોગ્ય શિક્ષણના જુદા જુદા માધ્યમોના અસરકારક ઉપયોગથી જનસમુદાયને મચ્છર ઉત્પત્તિ અને નિયંત્રણ કામગીરી

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા આરોગ્ય શિક્ષણના જુદા જુદા માધ્યમોના અસરકારક ઉપયોગથી જનસમુદાયને મચ્છર ઉત્પત્તિ અને નિયંત્રણ કામગીરીમાં સક્રિય રીતે સાંકળી લેવા તથા તા.૧૧–૬–૧૩ નાં રોજ મળેલ આંતર ખાતાકીય સંકલન બેઠકમાં માન.મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા કરવામાં આવેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ પશુ કતલખાનાઓ અને મહાનગરપાલિકાના હદ વિસ્તારના તમામ પશુ વધશાળા/કતલખાના બંધ રાખવાનું તથા માંસ–મચ્છી–મટનના વેચાણ ઉપર પ્રતિબંધ

નાયબ સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે તેમના પત્ર ક્રમાંક પરચ/૮૦૨૦૦૮/સીએમ–૧૩૬૯/પી, તા.૦૭–૦૮–૨૦૧૩ થી શ્રાવણ માસના ચાર સોમવારો અને જન્માષ્ટમીના રોજ કતલખાનાઓ બંધ રખાવવા અંગે અનુરોધ કરતા અને ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ૬૪ માં વન મહોત્સવ વાવે સુરત–૨૦૧૩

૬૪ માં વન મહોત્સવની તા.૩૧/૦૮/૨૦૧૩ ના રોજ વાવે સુરત–૨૦૧૩ ની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા સમગ્ર શહેર વિસ્તારમાં વધુને વધુ વૃક્ષો વાવી સુરત હરિયાળુ સુરત બનાવવાના હેતુસર ચાલુ ચોમાસા દરમ્યાન છાયાવૃક્ષ /પુષ્પવૃક્ષના રોપાઓનું વૃક્ષારોપણ કરવાનું આયોજન કરેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

## શહેર સુરતનાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં તા.૧૯/૦૮/૨૦૧૩ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે

ટી.પી.સ્કીમ નં.૧ (વેસુ) ફા.પ્લોટ નં.૧૨૨ તથા ૧૨૬ સબ પ્લોટ નં.૧૧૦ તથા ૧૧૧ વાત્સલ્ય બંગલોઝ મિલ્કતની બાજુમાં આવેલ કોમન ઓપન પ્લોટ વાળી જગ્યામાં આશરે ૨૧૦૦ ચો.ફુટનું આર.સી.સી. બીમ કોલમ તેમજ ચણતરની દીવાલોનું બાંધકામ અત્રેની દુર કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૧૭/૦૮/૧૩ શનિવાર ના રોજ સાયન્સ સેન્ટર, સીટી લાઈટ રોડ, સુરત ખાતેથી સુરત મહાનગરપાલિકાના તથા દક્ષિણ ગુજરાતની નગરપાલિકાના મુખ્ય અધિકારીઓની "આરોગ્ય ધનસંપદા" ચિંતન શિબિરનું આયોજન મા. મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવેલ

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવેલ હતી તથા મહાનુભાવ દ્વારા દિપ પ્રાગટય તથા કુ. પૃથ્વી આર. પટેલ અને ડે. કમિશનર (હેલ્થ એન્ડ હોસ્પીટલ) શ્રી આર. જે. પટેલ દ્વારા લિખિત "સ્વચ્છતાનો રંગ લાગ્યો રે" નામની પુસ્તિકા, સીડી તથા કુપોષણ સામેનો સહિયારો જંગની સીડીનું વિમોચન કરવામાં આવેલ હતું....

વધુ માટે કલીક કરો >>>>>>

## "કુપોષણ સુરત છોડો અભિયાન અંતર્ગત આંગણવાડી કેન્દ્રો ખાતે ૫૦,૦૦૦ નાસપતી વિતરણ કરવા અંગેનો કાર્યક્રમ"

સુરત મહાનગરપાલિકા તથા સુરત ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન ઈજારદારો મારફત આજરોજ તા.૧૯/૮/૧૩ ના રોજ સવારે ૮:૩૦ કલાકે અક્ષયપાત્ર સંસ્થા આઈમાતા ચોક પાસે આંગણવાડી કેન્દ્રો ખાતે ૦ થી ૬ વર્ષના બાળકો,સગર્ભા અને ધાત્રીમાતાઓને નાસપતી વિતરણ કરવા અંગેનો કાર્યક્રમ ...

વધુ માટે કલીક કરો >>>>>>

### પૂર્વ(વરાછા)ઝોનના ઝોનલચીફ અને ડે.કમિશ્નરશ્રી(સ્પે.) ના હુકમ મુજબ તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી પી.ડી.મુન્શીના માર્ગદર્શન હેઠળ પૂર્વઝોનના શહેર વિકાસ ખાતાના સ્ટાફ, દબાણખાતા સ્ટાફ તેમજ સીકયુરીટી સાથે ઉપરોકત ડિમોલીશન તેમજ દબાણની કામગીરી

ટી.પી. સ્કીમ નં. ૧૬(કપાદ્રા) માં વળવાડા સર્કલ નજીક ના રીઝવર્ડ ફાયનલ પ્લોટ નં. ૪૫ પૈકીમાં પ્લોટની અંદર તથા આજુબાજુ રસ્તા / માર્જીન પૈકીની જગ્યામાં કાચા/પાકા પતરાના શેડ/ ગોડાઉન ના અસ્થાયી બાંધકામો તોડીને આશરે ૫૦૦૦ ચો.ફુટ વિસ્તારનો ભાગ ખુલ્લો કરેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

### સેન્ટ્રલ ઝોનનાં શહેર વિકાસ વિભાગના અધિકારીઓએ મજકુર રોલીંગ શટર્સ દુર કરી આંતરિક દિવાલો તોડી પાડી પાર્કિંગ ખુલ્લુ કરી દંડકીય વહીવટી ચાર્જ વસુલ લેવાની કામગીરી

સેન્ટ્રલ ઝોનનાં બાલાજી રોડ વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૯, નોંધ નં.૧૩૯૨ થી નોંધાયેલ મિલ્કતના પ્લાનો સેન્ટ્રલ ઝોન ધ્વારા મંજુર કરવામાં આવેલ હતાં. આ મિલ્કતનાં હિત ધરાવનારા શ્રી બદરીભાઈ એ. લેશવાળા તરફથી મંજુર પ્લાન વિરુધ્ધ ગ્રાઉન્ડ ફલોર પરનાં પાર્કિંગ કવર કરી કુલ ૪ દુકાનો બનાવવાના ઈરાદાથી રોલીંગ શટર્સ બેસાડવામાં આવેલ હોવાનું જણાતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

### સુરત મહાનગરપાલિકા, સ્વૈચ્છિક સંસ્થાઓ અને અન્ય સરકારી વિભાગોના સંયુકત ઉપક્રમે વૃક્ષમહાઅભિયાન એક લોકઅભિયાન

ગ્લોબલ વોર્મીગ અને કલાઈમેટ ચેઈન્જની અસરને હળવી કરવાના પ્રયાસ માટે સુરત મહાનગરપાલિકા, સ્વૈચ્છિક સંસ્થાઓ અને અન્ય સરકારી વિભાગોના સંયુકત ઉપક્રમે તા.૩૧/૦૮/૨૦૧૩ ના રોજ સવારે ૯:૦૦ કલાકથી સમગ્ર શહેર અને શહેર બહારનો વિસ્તાર વૃક્ષમય બનનાર છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

### શહેર સુરતમાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં તા.૨૧/૦૮/૨૦૧૩ ના રોજ નીચે મુજબની કામગીરીમાં કરવામાં આવેલ છે

ટી.પી.સ્કીમ નં.૩૬ (અલથાણ) ફા. પ્લોટ નં.૧૧૭/એ માં આવેલ પરસોત્તમ નગર સોસાયટીના સી.ઓ.પી.માં શ્રી શૈલેષભાઈ આર. શાહ તરફથી આશરે ૭૫૦ ચો.ફુટ સી.ઓ.પી. કબજે કરવાના ઈરાદે કમ્પાઉન્ડ દિવાલ બનાવવા માટે ઓગર અને આર.સી.સી. બીમ ભરવાનું કામ કરેલ જે આજ રોજ દુર કરવામાં આવેલ છે...

વધુ માટે કલીક કરો >>>>>>

### સુરત મહાનગરપાલિકા દ્વારા કવિશ્રી નર્મદની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે વંદના સહ ભાવાંજલિ કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા દ્વારા કવિશ્રી નર્મદની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૨૪/૦૮/૨૦૧૩ ને શનિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર, સુરત ખાતે કવિશ્રી નર્મદની વંદના સહ ભાવંજલિનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

### "સુરત મહાનગરપાલિકા આયોજિત ચિત્રકામ સ્પર્ધા"

સુરત મહાનગરપાલિકા અને કલા દર્પણ સંસ્થા (સંસ્કૃતિનું પ્રતિબિંબ)ના સંયુકત ઉપક્રમે "વાવે સુરત" અભિયાન અંતગર્ત "ચિત્રકામ સ્પર્ધા" નું આયોજત તા.૨૭/૦૮/૨૦૧૩, મંગળવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે આર્ટ ગેલેરી, એસ.એમ.સી. સાયનસ સેન્ટર, સીટીલાઈટ રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

### નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૨/૦૮/૨૦૧૩ ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ ઝોનના જુની./આસી. ઈજનેરો શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતુ, અને ખાનગી ઈજારદારના માણસોને સાથે રાખીને ડીમોલીશનની કરેલ કામગીરીની વિગત નીચે મુજબ છે

ટી.પી.સ્કીમ નં.૪૯ (કતારગામ) માં મગનનગર સોસાયટી વિભાગ–૨ માં સબ પ્લોટ નં.૧૬૬ માં ગ્રા. ફલોર + એક માળના હયાત બાંધકામની ઉપર શરૂ કરેલ બાંધકામમાં ચોથા માળે અંદાજે ૩૫૦ ચો. ફુટ આર.સી.સી. સ્લેબનું બાંધકામ દુર કરેલ. તથા ડીમોલીશન વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ૬૭મા સ્વાતંત્ર્યદિન : ૧૫મી ઓગષ્ટ–૨૦૧૩ની ઉજવણીઃ–

ભારતના રાષ્ટ્રીયપર્વ ૬૭મા સ્વાતંત્ર્યદિન : ૧૫મી ઓગષ્ટ–૨૦૧૩ની ઉજવણી સુરત મહાનગરપાલિકા દ્વારા ધ્વજવંદન સમારોહ અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન તા.૧૫/૦૮/૨૦૧૩ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ન.પ્રા.શિ.સમિતિ શાળા નં.૨૪૬, ૨૪૭ ઈશ્વરપુરા નવાગામ, ડીંડોલી મેઈન રોડ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. સ્વાતંત્ર્ય પર્વની સવારે માન.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાએ ન.પ્રા.શિ.સમિતિની શાળા નં. ૨૪૬, ૨૪૭ના વિશાળ પટાંગણમાં ફાયર અને વોચ એન્ડ વોર્ડ વિભાગના જવાનોની પરેડ સાથે સલામી ઝીલ્યા બાદ રાષ્ટ્રની આન, બાન અને શાન સમા ત્રિરંગાને રાષ્ટ્રગીતની ધુન વચ્ચે લહેરાવી સન્માનપૂર્વક સલામી આપી હતી. લિંબાયત ઝોન વિસ્તારમાં આવેલ શાળાના વિદ્યાર્થીઓ બેનરો, ટેબ્લોઝ અને સુત્રોચ્ચાર સાથેની પ્રભાતફેરી ધ્વજવંદન સ્થળેથી રેલી આકારે નીકળી ન.પ્રા.શાળા નં.૧૭૫ ખાતે સમાપન કર્યું હતું.



મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાએ પ્રસંગોચિત્ત ઉદ્દબોધનમાં પ્રારંભે શહીદ જવાનોને શ્રધ્ધાંજલિ આપી હતી. સુરત મહાનગરપાલિકા દ્વારા છેલ્લા દશ વર્ષમાં થયેલ કામોનો ચિતાર આપી ભવિષ્યમાં આંગણવાડી, ભધક આવાસ તેમજ શૌચાલય વિહોણા માટે જરૂરી વ્યવસ્થા, કન્યા કેળવણી અભિયાન વિગેરે ક્ષેત્રે સુરત મહાનગરપાલિકાએ કરવાની બાકી કામગીરી પૂર્ણ કરવા ઉલ્લેખ કર્યો હતો. સુરતની ચારેય દિશામાં સર્વાંગી વિકાસ માટે સ્વચ્છ સુરત, હરિયાળુ સુરત, વિકાસ વંચિતોને માટે વિકાસ, વાઈબ્રન્ટ સુરત જેવા સંકલ્પો લેવડાવી સૌને સાથે રાખી અધુરા કાર્યો પૂર્ણ કરવા અનુરોધ કર્યો હતો. બાદમાં ત્રિરંગી ફુગ્ગાઓને ગગનમાં વિહરતા કર્યા હતા. સ્વાતંત્ર્યદિન : ૧૫મી ઓગષ્ટ–૨૦૧૩ અને સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ ઉજવણી અંતર્ગત યોજાયેલ વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓ, વર્ષ દરમ્યાન ઝોન તથા વિવિધ ખાતાઓના અધિકારી / કર્મચારીઓ દ્વારા કરેલ વિશિષ્ટ કામગીરી માટે ૬૦ થી વધુ અધિકારી/કર્મચારીઓ, સુ.મ.પા.ના કર્મચારીઓના સંતાનો પૈકી ધો.૧૦ અને ૧૨માં પ્રથમ આવેલ, એલ.એસ.જી.ડી.પરીક્ષામાં પ્રથમ અને દ્વિતીય ક્રમે આવેલ તથા સ્મીમેર કોલેજમાં એમ.બી.બી.એસ./એમ.ડી.ના પ્રથમ આવેલ વિદ્યાર્થીઓનું રોકડપુરસ્કાર અને મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.





સ્વાતંત્ર્ય પર્વના ધ્વજવંદનની સાથે શહેરીજનોએ લિંબાયત ઝોન વિસ્તારની શાળાઓના વિદ્યાર્થીઓએ રજુ કરેલ દેશભક્તિ અને લોકસંસ્કૃતિ પર આધારિત સાંસ્કૃતિક કાર્યકમને પણ મન ભરીને માણ્યો હતો. અંતે "ભારત માતા કી જય"ના ગગનભેદી જયનાદ સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.

સુરત મહાનગરપાલિકા દ્વારા લિંબાયત ઝોન ઈશ્વરનગર ખાતેની વોર્ડ ઓફિસમાં રાખવામાં આવેલ ફ્રી–મેડીકલ ચેકઅપ કેમ્પમાં ૨૦૦૦થી વધુ નગરજનોએ લાભ લીધો હતો. આ પ્રસંગે રાત્રે ડીંડોલી ફલાય ઓવર બ્રીજથી ઈશ્વરપુરા શાકમાર્કેટ સુધી, ઈશ્વરપુરા ખાતે આવેલ ન.પ્રા.શાળા નં.૨૪૬, ૨૪૭, આ વિસ્તારની વોર્ડઓફિસ વિગેરેને રોશનીથી શણગારવામાં આવ્યા હતા.

રાષ્ટ્રના ગૌરવ સમા આ શાનદાર પર્વની ઉજવણીમાં માન. સાંસદશ્રી સી.આર.પાટીલ, શ્રીમતી દર્શનાબેન જરદોષ, ધારાસભ્યશ્રીમતી સંગીતાબેન પાટીલ, શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શ્રી જનકભાઈ કાછડિયા, ડે.મેયરશ્રી દયાશંકર સિંગ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુનિસિપલ કમિશનરશ્રી એમ.કે.દાસ, શાસક પક્ષના નેતાશ્રી આર.કે.લાઠીયા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ, શિક્ષકશ્રીઓ, શાળાના વિદ્યાર્થીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ઉત્સાહથી ભાગ લીધો હતો.

TOP

## સામાજિક સુરક્ષાઓની યોજનાઓના ૧૦૦ % અમલ સુનિશ્રિત કરવા અંગે તા.૧૫/૮/'૧૩ ના રોજસુરત મહાનગરપાલિકાના સૌજન્યથી કલ્યાણકારી યોજનાઓ સંદર્ભે યોજાયેલ સેમીનારઃ–

સામાજિક સુરક્ષાઓની યોજનાઓના ૧૦૦ % અમલ સુનિશ્રિત કરવા અંગે તા.૧૫/૮/'૧૩ ના રોજ બપોરે ૩ઃ૦૦ કલાકે 'કોન્ફરન્સ હોલ' , મહાનગરપાલિકાની મુખ્ય કચેરી, મુગલીસરા, સુરત ખાતે સુરત મહાનગરપાલિકાના સૌજન્યથી યુ.સી.ડી. વિભાગ, આઈ.સી.ડી.એસ. વિભાગ, સરકારશ્રીના મહેસુલ વિભાગ, સમાજ સુરક્ષા વિભાગ, તેમજ વાત્સલ્ય સેવા ટ્રસ્ટ (વલસાડ) ના સહયોગથી સામાજિક સુરક્ષાની કલ્યાણકારી યોજનાઓ સંદર્ભમાં યોજાયેલ સેમીનારમાં ડેપ્યુટી કીમશનરશ્રી (હે.અને હો.) શ્રી આર. જે. પટેલે સેમીનારમાં હાજર તમામ અધિકારી–કર્મચારીશ્રીઓને, તથા સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓને આઝાદી ૬૭માં વર્ષની શુભેચ્છા સાથે આગામી યોજાનાર ગરીબ કલ્યાણ મેળા પહેલા વિસ્તારના દલિત–પીડીત એકપણ પાત્ર લાભાર્થી સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓના ગરીબ કલ્યાણ મેળા પહેલા વિસ્તારના દલિત–પીડીત એકપણ પાત્ર લાભાર્થી સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓના લાભથી વંચિત ન રહે તે માટેનો શુભ સંકલ્પ કરવા આહવાન કર્યુ હતું.

સેમીનારમાં આમંત્રીત વાત્સલ્ય સેવા ટ્રસ્ટ, વલસાડના મેનેર્જીંગ ટ્રસ્ટી શ્રી ભરતભાઈ પટેલે વલસાડ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં અસહાય, નિરાધાર વૃધ્ધો, અપંગો અને વિધવા બહેનોને સરકારશ્રીની વયવંદના યોજના, નિરાધાર વૃધ્ધ સહાય યોજના, સંકટ મોચન યોજના તેમજ વિધવા સહાય યોજના અંગે તેઓની સંસ્થા ધ્વારા કરવામાં આવેલ ભગીરથ પ્રયાસ અંગેનો સદ્રષ્ટાંત ચિતાર આપી આ યોજના અંતગર્ત અરજી ફોર્મ, તેની સાથે રજુ કરવા જોગ પુરાવા વિશે માહિતી આપી. વધુમાં સુરત શહેરમાં પણ અધિકારીગણ તેમજ સંસ્થાઓના સહયોગ/ હકારાત્મક અભિગમથી તમામ પાત્ર લાભાર્થીઓને લાભ આપવા આગ્રહ ભરી અપીલ કરી હતી.

સુરત સીટી પ્રાંત અધિકારીશ્રી એમ.એમ.પારગીએ વય વંદના યોજના, નિરાધાર વૃધ્ધ સહાય યોજના, સંકટ મોચન યોજના તેમજ વિધવા સહાય યોજનામાં સુરત શહેરના એક પણ લાભાર્થી વંચિત ન રહે એવા હકારાત્મક અભિગમ સાથે લાભાર્થીઓને લાભાન્વિત કરવા માટે કટ્રિબધ્ધતા દર્શાવતા વધુમાં કહ્યું હતું કે, મહાનગરપાલિકાના સહયોગથી ઓળખી કઢાયેલ પાત્ર લાભાર્થીઓની અમારા વિભાગને મળનાર અરજીઓ વિના અડચણે તાકીદે મંજુર કરવા ખાત્રી આપી હતી.

સેમીનારના અંતમાં વાત્સલ્ય સેવા ટ્રસ્ટ, વલસાડના ખજાનચી કુ. પૃથ્વી, આર. પટેલ ધ્વારા હાજર તમામ અધિકારીશ્રીઓ–કર્મચારીશ્રીઓ તેમજ અન્ય તમામ મહેમાનોને સમાજના છેવાડના લોકો સુધી પહોંચાડવાના આ યજ્ઞ સમાન સેમીનારમાં હાજર રહેવા બદલ આભાર વ્યકત કરતાં તેઓએ જણાવ્યું હતું કે, આ સેવા યજ્ઞમાં અમારી સંસ્થાને સહયોગી બનાવવા બદલ ટ્રસ્ટીશ્રી કુમુદબેન પટેલ તથા અમારા કારોબારી સભ્યો વતી સુરત મહાનગરપાલિકાનું ઋણ સ્વીકાર કરું છું.

ઉપરોકત સેમીનારમાં ''પ્રેરક ચેરીટેબલ ટ્રસ્ટ'' ના પ્રિતીબેન મહંતીએ સંસ્થાની ટુંકી માહિતી રજુ કરવાની સાથે મહાનગરપાલિકાની શહેરી સ્લમ વિસ્તારોના પરિવારોની આરોગ્ય, શિક્ષણ સંબંધી કામગીરીમાં સહયોગ આપવાની તૈયારી દર્શાવી હતી. ઉપરોકત કાર્યક્રમમાં યુ.સી.ડી. વિભાગના પ્રોજેકટ ઓફિસરશ્રી આર.સી.પટેલ, ડેપ્યુટી પ્રોજેકટ ઓફિસરશ્રીઓ, કોમ્યુનીટી ઓર્ગેનાઈઝરો, મહિલા સમાજ સંગઠકો તથા આઈ.સી.ડી.એસ. વિભાગના સી.ડી.પી.ઓ. શ્રીઓ, સુપરવાઈઝરશ્રીઓ હાજર રહ્યા હતાં.

TOP

## સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ  દ્વારા આરોગ્ય શિક્ષણના જુદા જુદા માધ્યમોના અસરકારક ઉપયોગથી જનસમુદાયને મચ્છર ઉત્પત્તિ અને નિયંત્રણ કામગીરીઃ–

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ  દ્વારા આરોગ્ય શિક્ષણના જુદા જુદા માધ્યમોના અસરકારક ઉપયોગથી જનસમુદાયને મચ્છર ઉત્પત્તિ અને નિયંત્રણ કામગીરીમાં સક્રિય રીતે સાંકળી લેવા તથા તા.૧૧–૬–૧૩ નાં રોજ મળેલ આંતર ખાતાકીય સંકલન બેઠકમાં માન.મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા કરવામાં આવેલ સુચનને ધ્યાને લઈ  સુરત શહેરની તમામ સ્કૂલના બાળકોનો સમાવેશ કરીને શિક્ષણ વિભાગના પરામર્શમાં રહીને પ્રોગ્રામને ઉપયોગી બાબતોના સમાવેશ સાથેના અભ્યાસક્રમને દાખલ કરી  જનજાગૃતિ ઉભી કરવા સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ  ખાનગી શાળાઓના  આચાર્યો અને શિક્ષકોને  મેલેરીયા, ડેન્ગ્યું અને ચિકનગુનિયા રોગ અંગેની જાણકારી આપવા માટેનો એક તાલીમ કાર્યક્રમ વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૧૬/૮/૨૦૧૩ નાં રોજ ગાંધીસ્મૃતિ ભવન ખાતે રાખવામાં આવેલ હતો.  જેમાં  સેન્ટ્રલઝોનની ટી એન્ડ ટી.વી. સ્કૂલ, આઈ.પી.મિશન સ્કૂલ, રાંદેરઝોનની સંસ્કારભારતી વિદ્યાલય, સરદાર પ્રાયમરી સ્કૂલ, ઉધના ઝોનની બચકાણીવાળા વિદ્યામંદિર,સુરત નેશનલ કો.ઓ.બેંક પ્રાથમિક શાળા, લિંબાયતઝોનની ન્યુ મોડેલ સ્કૂલ,સમ્રાટ વિદ્યાલય, અઠવાઝોનની શારદાયાતન સ્કૂલ,સેંટ ઝેવિયર્સ સ્કૂલ, કતારગામ ઝોનની ગુરૂકુળ વિદ્યાપીઠ, આઈ.સી.ગાંધી સ્કૂલ, વરાછાઝોનની પ્રગતિ વિદ્યાલય, સરસ્વતી વિદ્યાલય જેવી શહેરની ૩૨૦ શાળાના શિક્ષકો હાજર રહેલ હતા. સદર તાલીમમાં સેન્ટ્રલઝોન નાં ૧૦૫ શિક્ષકો, રાંદેરઝોન નાં ૮૪ શિક્ષકો, ઉધનાઝોન નાં ૧૧૭ શિક્ષકો, લિંબાયતઝોન નાં ૫૪ શિક્ષકો, અઠવાઝોન નાં ૧૦૭ શિક્ષકો, કતારગામઝોન નાં ૮૨ શિક્ષકો, વરાછાઝોન નાં ૧૮૩ શિક્ષકો આમ કુલ ૭૩૨ શિક્ષકો અને ૩૨૦ આચાર્યો તાલીમમાં હાજર રહેલ હતા. તાલીમ શિબિરમાં ડે.કમિશનર(હેલ્થ અને હોસ્પિટલ) શ્રી આર.જે.પટેલ દ્વારા બાળકોને મચ્છરજન્ય રોગ વિષે જાગૃતિ આપી તેમને રચનાત્મક કાર્ય દ્વારા  મચ્છરજન્ય રોગના નિયંત્રણમાં સાંકળી લેવા જણાવ્યુ. ઈ.ચા.જંતુનાશક અધિકારી ડો.કેશવ વૈષ્ણવ દ્વારા સમગ્ર કાર્યક્રમની પ્રેઝન્ટેશન દ્વારા જાણકારી આપવામાં આવી હતી. વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ દ્વારા લાઈવ ડેમોન્સ્ટ્રેશન દ્વારા મચ્છરજન્ય રોગ વિષે જાણકારી આપવામાં આવી હતી. કાર્યક્રમને અંતે આરોગ્ય અધિકારી ડો. હેમંત દેસાઈ દ્વારા શિક્ષકોએ  રજુ કરેલ આરોગ્ય વિષયક પ્રશ્નોના ઉત્તરો આપવામાં આવ્યા હતા.

TOP

## સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ પશુ કતલખાનાઓ અને મહાનગરપાલિકાના હદ વિસ્તારના તમામ પશુ વધશાળા/કતલખાના બંધ રાખવાનું તથા માંસ–મચ્છી–મટનના વેચાણ ઉપર પ્રતિબંધઃ–

નાયબ સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે તેમના પત્ર ક્રમાંક પરચ/૮૦૨૦૦૮/સીએમ–૧૩૬૯/પી, તા.૦૭–૦૮–૨૦૧૩ થી શ્રાવણ માસના ચાર સોમવારો અને જન્માષ્ટમીના રોજ કતલખાનાઓ બંધ રખાવવા અંગે અનુરોધ કરતા અને સદરહું અનુરોધને સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ તેમના ઠરાવ નં. ૧૯૪૨/૨૦૧૩, તા. ૧૬–૦૮–૨૦૧૩ થી ગ્રાહય રાખતા શ્રાવણ માસના પહેલા, બીજા, ત્રીજા અને ચોથા સોમવાર એટલે કે તા.૧૨–૮–૧૩, તા.૧૯–૮–૧૩, તા.૨૬–૮–૧૩ અને તા.૦૨–૯–૧૩ ના રોજ અને તા. ૨૮–૮–૧૩ ના રોજ જન્માષ્ટમી નિમિત્તે સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ પશુ કતલખાનાઓ અને મહાનગરપાલિકાના હદ વિસ્તારના તમામ પશુ વધશાળા/કતલખાના બંધ રાખવાનું તથા માંસ–મચ્છી–મટનના વેચાણ ઉપર પ્રતિબંધ મુકવાનું ઠરાવેલ છે. જેની નોંધ આ ધંધા સાથે સંકળાયેલ તમામ ઈસમોએ લેવી. આપેલ સુચનાનો ભંગ કરવા બદલ જે તે ઈસમો સામે ઘી બી.પી.એમ.સી. અને બોમ્બે પોલીસ એકટની વિવિધ જોગવાઈઓ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે માર્કેટ ખાતાના વડાએ એક યાદીમાં જણાવ્યુ છે.

TOP

## ૬૪ માં વન મહોત્સવ વાવે સુરત–૨૦૧૩

**૬૪ માં વન મહોત્સવની તા.૩૧/૦૮/૨૦૧૩ ના રોજ વાવે સુરત–૨૦૧૩ ની ઉજવણી નિમિત્તે** સુરત મહાનગરપાલિકા દ્વારા સમગ્ર શહેર વિસ્તારમાં વધુને વધુ વૃક્ષો વાવી સુરત હરિયાળુ સુરત બનાવવાના હેતુસર ચાલુ ચોમાસા દરમ્યાન છાયાવૃક્ષ /પુષ્પવૃક્ષના **રોપાઓનું વૃક્ષારોપણ કરવાનું આયોજન કરેલ.**

ગ્લોબલ વોર્મિંગની વૈશ્વિક સમસ્યાના સહિયારા સમાધાન માટે વૃક્ષારોપણ અને તેનું સંવર્ધન અતિમહત્વનું હોય આજરોજ બીજા તબકકાની મીટીંગ તા.૦૫/૦૮/૨૦૧૩ ના રોજથી નિયમિત સમયાંતરે નવા સ્થાયી સમિતિ ખંડમાં બિલ્ડરો, ઓર્ગેનાઈઝરો, પ્રસાર અને પ્રચાર માધ્યમના પ્રતિનિધિઓ, નર્સરીમેનો, સુરત શહેર/ જીલ્લાના ચેમ્બર ઓફ કોમર્સના સભ્યો, શહેરના અગ્રણી નગરજનો, શહેરના અગ્રણી ટ્રસ્ટ/ સંસ્થાના પ્રતિનિધિઓ વિગેરે સાથે મીટીંગ રાખવામાં આવેલ. મીટીંગમાં સામાજીક વનીકરણ વિભાગમાં નાયબ વનસંરક્ષકશ્રી, સરકારી– અર્ધ સરકારી ખાતાના પ્રતિનિધિઓ / જીલ્લા શિક્ષણઅધિકારી, વિવિધ સંસ્થાના પર્યાવરણ પ્રેમીઓ હાજર રહેલ. શહેર હદ વિસ્તાર તેમજ શહેર બહારના વિસ્તારમાં એક જ દિવસે વધુમાં વધુ વૃક્ષેનું વાવેતર થાય તે અંગે ચર્ચા કરવામાં આવી. મીટીંગમાં થયેલ ચર્ચા મુજબ સદર અભ્યાનમાં પર્યાવરણ પ્રેમીઓ/ શ્રેષ્ઠીઓના સહયોગથી વૃક્ષ દાન મેળવી સુરત મહાનગરપાલિકાના તેમજ સુડા વિસ્તારમાં આવેલ ખુલ્લા પ્લોટોમાં / સોસાયટીઓના કોમન પ્લોટો તેમજ વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓની હાજરીમાં યોજવાનું નકકી કરવામાં આવ્યું. સદર મહા અભિયાન શ્રાવણ માસના છેલ્લા શનિવારે એટલે કે, તા.૩૧/૦૮/૧૩ ના રોજ સામુહિક વૃક્ષારોપણ કરવા નકકી કરવમાં આવ્યું. વૃક્ષારોપણ માટે જરૂરી ફોર્મ / માહિતી સુરત મહનગરપાલિકાના જે તે વિસ્તારની વહીવટી કચેરીથી મેળવવાનું રહેશે.

TOP

## શહેર સુરતનાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં તા.૧૯/૦૮/૨૦૧૩ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છેઃ–

ટી.પી.સ્કીમ નં.૧ (વેસુ) ફા.પ્લોટ નં.૧૨૨ તથા ૧૨૬ સબ પ્લોટ નં.૧૧૦ તથા ૧૧૧ વાત્સલ્ય બંગલોઝ મિલ્કતની બાજુમાં આવેલ કોમન ઓપન પ્લોટ વાળી જગ્યામાં આશરે ૨૧૦૦ ચો.ફુટનું આર.સી.સી. બીમ કોલમ તેમજ ચણતરની દીવાલોનું બાંધકામ અત્રેની દુર કરવામાં આવેલ છે. તેમજ સદર ગેરકાયદેસર બાંધકામ દુર કરવા અંગે વહીવટી ચાર્જ રૂા.૨૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

સદરહુ કામગીરી અત્રેના શહેર વિકાસ ખાતા ધ્વારા ડેપ્યુટી કમિશનરશ્રીની સુચનાથી કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી દેખરેખ હેઠળ સફળતાપૂર્વક દુર કરવામાં આવેલ છે.

જે અંગેની અખબારી યાદી આ સાથે સામેલ છે જે દૈનિક સમાચારપત્રોમાં પ્રસિધ્ધ કરવા અંગે ઘટતું કરવા વિનંતી.

TOP

## તા.૧૭/૦૮/૧૩ શનિવાર ના રોજ સાયન્સ સેન્ટર, સીટી લાઈટ રોડ, સુરત ખાતેથી સુરત મહાનગરપાલિકાના તથા દક્ષિણ ગુજરાતની નગરપાલિકાના મુખ્ય અધિકારીઓની ''આરોગ્ય ધનસંપદા'' ચિંતન શિબિરનું આયોજન મા. મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવેલઃ–

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવેલ હતી તથા મહાનુભાવ દ્વારા દિપ પ્રાગટય તથા કુ. પૃથ્વી આર. પટેલ અને ડે. કમિશનર (હેલ્થ એન્ડ હોસ્પીટલ) શ્રી આર. જે. પટેલ દ્વારા લિખિત ''સ્વચ્છતાનો રંગ લાગ્યો રે'' નામની પુસ્તિકા, સીડી તથા કુપોષણ સામેનો સહિયારો જંગની સીડીનું વિમોચન કરવામાં આવેલ હતું.

ચિંતન શિબિરમાં મા. મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, આરોગ્ય સમિતિ અધ્યક્ષ શ્રીકિશોરભાઈ બિંદલ, રૂગ્ણાલયો, વૈદકીયરાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિ અધ્યક્ષા શ્રીમતી ઉર્મિલાબેન રાણા, મે. કમિશનર શ્રી એમ.કે.દાસ, ડે. કમિશ્નર(હેલ્ડ એન્ડ હોસ્પીટલ) શ્રી આર.જે.પટેલ, આરોગ્ય અધિકારી ડો. હેમંત એસ. દેસાઈ, ડો. વિકાસબેન દેસાઈ તથા સુરત મહાનગરપાલિકાના અધિકારી / કર્મચારીઓ હાજર રહેલ હતાં.

ડે. કમિશનર (હેલ્થ એન્ડ હોસ્પીટલ) શ્રી આર.જે.પટેલ દ્વારા ખુબજ વિસ્તૃત રીતે કાર્યક્રમની સમજ આપી હતી તથા આ શિબિરમાં સ્વચ્છતા પ્રજાજનોનો સ્વભાવ બને અને તે સંસ્કારમાં પરિણમે તે માટે આરોગ્ય વિભાગ અનેક પ્રયાસો હાથ ધરી રહેલ છે. સુરત મહાનગરપાલિકાના વિવિધ વિભાગોના તજજ્ઞો દ્વારા મહાનગરપાલિકા તથા રાજય સરકાર તરફથી મળતી સવલતો, વિવિધ કાર્યક્રમો વિશેની સમજ તથા માર્ગદર્શન મળી રહે તે અંગેનું આયોજન કરવામાં આવેલ છે.

મે. કમિશનર સાહેબે સુરત શહેરની સ્વચ્છ્તા તથા સુરત શહેરનો ખુબજ ઝડપથી વિકાસ થઈ રહ્યો છે તે અંગેની માહિતિ આપેલ હતી તથા નાનામા નાના કર્મચારીઓને કર્મયોગી બનાવવા સમગ્ર રાજયમાં આ ચિંતન શિબિરના પ્રથમ પ્રયાસને ખુબજ બિરદાવેલ હતો.

મા. મેયરશ્રીએ સુરત મહાનગરપાલિકાના વિવિધ ખાતાઓની તથા આરોગ્ય વિભાગના અધિકારી / કર્મચારીઓની કામગીરીને બિરદાવી હતી. નાના બાળકોને કુપોષણથી બચાવવા માટે સુરત મહાનગરપાલિકા જાગૃત છે. સુરત મહાનગરપાલિકા તથા દક્ષિણ ગુજરાતની વિવિધ નગરપાલિકાઓમાંથી આવેલ મુખ્ય અધિકારીઓને અપીલ કરી હતી કે, ૨ જી ઓકટોબરના રોજ મહાત્માગાંધીજીના જન્મદિન નિમિત્તે સુરત શહેરની તથા સમગ્ર દક્ષિણ ગુજરાતમાં તમામ નાગરીકો પોતાના આંગણાની, ઘરમા રાખેલ નકામી તમામ ચીજ વસ્તુ, શેરી–મોહલ્લો, ઓફીસો, કરાખાના, જાહેર સરકારી અર્ધસરકારી કચેરીઓ, શાળા, સ્કૂલ, કોલેજો, વિગેરેની સાફ સફાઈ કરવા માટે અપીલ કરી હતી અને ''સફાઈ કરે સુરત'' અભિયાનને સફળ બનાવી મહાત્માગાંધીજીને સાચી ભાવાંજલી આપવા અનુરોધ કર્યો હતો.

ચિંતન શિબિરમાં આરોગ્ય વિભાગના વિવિધ કેડરના ૩૦૦ જેટલા અધિકારીઓ / કર્મચારીઓ મોડી રાત સુધી ઉપસ્થિત રહીને ખુબજ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ શિબિરમાં જાહેર જનતાના આરોગ્યને સ્પર્શતા ૧૧ જેટલા મુસદ્દા પર નિષ્ણાંત તબીબો દ્વારા પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવેલ તથા આ અંગેની ચર્ચામાં તમામ કેડરના કર્મચારીઓએ તેમના સજેશન રજુ કરેલા. ચિંતન શિબિરમાં ચર્ચા થયેલ આ તમામ મુદ્દાનો દસ્તાવેજ તૈયાર કરી સુરત મહાનગરપાલિકા તેનો અમલ કરવા જરૂરી કાર્યવાહી હાથ ધરાશે.

આ બાબત સમગ્ર સુરત, રાજય તેમજ રાષ્ટ્ર માટે ''મોડેલ'' બને તેવી પણ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

TOP

## "કુપોષણ સુરત છોડો અભિયાન અંતર્ગત આંગણવાડી કેન્દ્રો ખાતે ૫૦,૦૦૦ નાસપતી વિતરણ કરવા અંગેનો કાર્યક્રમ"

સુરત મહાનગરપાલિકા તથા સુરત ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન ઈજારદારો મારફત આજરોજ તા.૧૯/૮/૧૩ ના રોજ સવારે ૮ઃ૩૦ કલાકે અક્ષયપાત્ર સંસ્થા આઈમાતા ચોક પાસે આંગણવાડી કેન્દ્રો ખાતે ૦ થી ૬ વર્ષના બાળકો,સગર્ભા અને ધાત્રીમાતાઓને નાસપતી વિતરણ કરવા અંગેનો કાર્યક્રમ ડે.કમિશ્નરશ્રી આર જે પટેલ (હેલ્થ એન્ડ હોસ્પિટલ), આરોગ્ય અધિકારીશ્રી ડો.હેમંતભાઈ દેસાઈ, ઈસ્ટ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારી ડો.મહેન્દ્ર પટેલ , મેડીકલ ઓફીસર આઈ.સી.ડી.એસના ડો.એચ. કે.સોંધરવા તથા ઘટકના સી.ડી. પી .ઓ ની હાજરીમાં કરવામા આવ્યો.

ડે.કમિશ્નરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પિટલ) આર જે પટેલે તેમના વકત્વયમાં જણાવ્યું કે કુપોષણ સામાજીક અને રાષ્ટ્રીય સમસ્યા હોય તેને અટકાવવા સૌ કોઈએ સહિયારો પ્રયાસ કરવો પડશે.કુપોષણ સુરત છોડો અભિયાનમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન ઈજારદારો ,સુરત ધ્વારા આંગણવાડીના બાળકો,સગર્ભા અને ધાત્રી માતાઓને ૫૦,૦૦૦ નાસપતીનું ફળદાન કરી માનવતાની ઉત્કૃષ્ટ કામગીરી કરી છે તે બદલ લોકફાળો આપવા જીગર ટ્રાન્સપોર્ટ, ભુમિકા ટ્રાન્સપોર્ટ, સ્વચ્છતા કોર્પોરેશન ,સી.ડી.સી ટ્રસ્ટ,ગ્લોબલ વેસ્ટ મેનેજમેન્ટ સેલ,મે.વેસ્ટન ઈમેજનરી ટ્રાન્સકોન પ્રા.લી તથા ટી.ગોપીનાથ રેડ્ડીનો આભાર વ્યકત કર્યો હતો.તેમણે જણાવ્યું કે સુરત જેવા સમૃધ્ધ શહેરમાં બાળકોમાં કુપોષણ હોય તે આપણા સૌને ન પાલવે.તેમણે જણાવ્યું કે સુરત શહેરના અંદાજીત ૩૦૦૦ અતિકુપોષિત બાળકોને લોક ભાગીદારી થકી પૂરકપોષણ આપીને તેમનામાં રહેલું કુપોષણ દુર કરવાની નેમ મહાનગરપાલિકાએ લીધેલ છે.સરકાર ધ્વારા કુપોષણ દુર કરવાના અથાગ પ્રયાસો કાર્યરત છે. ત્યારે સમાજે પણ આગળ આવીને આ સમસ્યા દુર કરવા સરકારને મદદ કરવી જોઈશે. આ માટે કુપોષણ છોડો સુરતનું અભિયાન મહાનગરપાલિકાએ પ્રારંભ કરેલ છે અને તેમાં સૌ સાથ સહકાર આપશો.

આરોગ્ય અધિકારીશ્રી ડો.હેમંતભાઈ દેસાઈ ધ્વારા જણાવવામાં આવ્યું કે કુપોષણ છોડો સુરત અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા લોક ભાગીદારીથી આંગણવાડી કેન્દ્રો ખાતે આવતા બાળકો,સગર્ભા તેમજ ધાત્રી માતાઓને શ્રાવણમાસના દર સોમવારે ફળદાન ,સૂકામેવાનું દાન તથા મિઠાઈનું દાન આપવા અંગેનું આયોજન કરવામાં આવેલ છે. જે સંદર્ભ ગયા સોમવારે ૫૨૦૦૦ સફરજન આપવામાં આવ્યાં હતાં અને આજ રોજ ૫૦,૦૦૦ નાસપતીનું વિતરણ કરવામાં આવેલ છે.

આ પ્રસંગે ત્યાં ઉપસ્થિત મહાનુભવો ધ્વારા બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓને નાસપતી વિતરણ કરવામાં આવ્યા હતાં. તથા ૧૦૦૪ આંગણવાડી કેન્દ્રો પર ૫૦,૦૦૦ નાસપતી વિતરણ કરવા ૧૧ વાહનોનેડે.કમિશ્નરશ્રી આર જે પટેલ ( હેલ્થ એન્ડ હોસ્પિટલ), આરોગ્ય અધિકારીશ્રી ડો.હેમંતભાઈ દેસાઈ, ઈસ્ટ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારી ડો.મહેન્દ્ર પટેલ ધ્વારા લીલી ઝંડી આપી પ્રસ્થાન કરવામાં આવેલ.

અંતે આઈ.સી.ડી.એસ વિભાગના મેડીકલ ઓફીસર ડો.એચ કે સોંધરવા ધ્વારા ઉપસ્થિત મહેમોનો તથા આયોજનમાં મદદ કરનાર સૌ કોઈનો આભાર માન્યો હતો.

**TOP**

## પૂર્વ(વરાછા)ઝોનના ઝોનલચીફ અને ડે.કમિશ્નરશ્રી(સ્પે.) ના હુકમ મુજબ તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી પી.ડી.મુન્શીના માર્ગદર્શન હેઠળ પૂર્વઝોનના શહેર વિકાસ ખાતાના સ્ટાફ, દબાણખાતા સ્ટાફ તેમજ સીકયુરીટી સાથે ઉપરોકત ડિમોલીશન તેમજ દબાણની કામગીરીઃ–

ટી.પી. સ્કીમ નં. ૧૬(કપાદ્રા) માં વળવાડા સર્કલ નજીક ના રીઝવર્ડ ફાયનલ પ્લોટ નં. ૪૫ પૈકીમાં પ્લોટની અંદર તથા આજુબાજુ રસ્તા / માર્જીન પૈકીની જગ્યામાં કાચા/પાકા પતરાના શેડ/ ગોડાઉન ના અસ્થાયી બાંધકામો તોડીને આશરે ૫૦૦૦ ચો.ફુટ વિસ્તારનો ભાગ ખુલ્લો કરેલ છે. આ કામગીરીની સાથોસાથ આ વિસ્તારના રસ્તા પર થી લારી–ગલ્લાનું દબાણ દુર કરી ૨૫ જેટલાં લારી–ગલ્લાઓ જપ્ત કરવામાં આવેલ છે.

આજરોજ પૂર્વ(વરાછા)ઝોનના ઝોનલચીફ અને ડે.કમિશ્નરશ્રી(સ્પે.) ના હુકમ મુજબ તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી પી.ડી. મુન્શી ના માર્ગદર્શન હેઠળ પૂર્વઝોનના શહેર વિકાસ ખાતાના સ્ટાફ, દબાણખાતા સ્ટાફ તેમજ સીકયુરીટી સાથે ઉપરોકત ડિમોલીશન તેમજ દબાણની કામગીરી સફળતાપૂર્વક પાર પાડવામાં આવેલ છે.

TOP

## સેન્ટ્રલ ઝોનનાં શહેર વિકાસ વિભાગના અધિકારીઓએ મજકુર રોલીંગ શટર્સ દુર કરી આંતરિક દિવાલો તોડી પાડી પાર્કિંગ ખુલ્લુ કરી દંડકીય વહીવટી ચાર્જ વસુલ લેવાની કામગીરીઃ–

સેન્ટ્રલ ઝોનનાં બાલાજી રોડ વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૯, નોંધ નં.૧૩૯૨ થી નોંધાયેલ મિલ્કતના પ્લાનો સેન્ટ્રલ ઝોન ધ્વારા મંજુર કરવામાં આવેલ હતાં. આ મિલ્કતનાં હિત ધરાવનારા શ્રી બદરીભાઈ એ. લેશવાળા તરફથી મંજુર પ્લાન વિરુધ્ધ ગ્રાઉન્ડ ફલોર પરનાં પાર્કિંગ કવર કરી કુલ ૪ દુકાનો બનાવવાના ઈરાદાથી રોલીંગ શટર્સ બેસાડવામાં આવેલ હોવાનું જણાતાં આજરોજ સેન્ટ્રલ ઝોનનાં શહેર વિકાસ વિભાગના અધિકારીઓએ મજકુર રોલીંગ શટર્સ દુર કરી આંતરિક દિવાલો તોડી પાડી આશરે ૭૦૦ ચો. ફુટ પાર્કિંગ ખુલ્લુ કરાવ્યું છે. તેમજ રૂા.૨૫,૦૦૦/– દંડકીય વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા, સ્વૈચ્છિક સંસ્થાઓ અને અન્ય સરકારી વિભાગોના સંયુકત ઉપક્રમે વૃક્ષમહાઅભિયાન એક લોકઅભિયાનઃ–

ગ્લોબલ વોર્મીગ અને કલાઈમેટ ચેઈન્જની અસરને હળવી કરવાના પ્રયાસ માટે સુરત મહાનગરપાલિકા, સ્વૈચ્છિક સંસ્થાઓ અને અન્ય સરકારી વિભાગોના સંયુકત ઉપક્રમે તા.૩૧/૦૮/૨૦૧૩ ના રોજ સવારે ૯ઃ૦૦ કલાકથી સમગ્ર શહેર અને શહેર બહારનો વિસ્તાર વૃક્ષમય બનનાર છે.

દરેક ધર્મમાં પણ વૃક્ષની મહત્તા અંગે જણાવવામાં આવ્યું છે અને તેથી ધાર્મિક સંસ્થાઓને પણ આ શ્રાવણ માસના પવિત્ર કાર્યમાં સાંકળી લેવા માટે અને પ્રજાજનોને યોગ્ય માર્ગદર્શન આપવા માટે તેઓના સહયોગ અંગે એક મહત્વની બેઠક સુરત મહાનગરપાલિકા ખાતે તા.૨૦/૦૮/૨૦૧૩ ના રોજ ૧૭ઃ૦૦ કલાકે યોજવામાં આવી છે. જેમાં શહેરની ધાર્મિક સંસ્થાઓના આગેવાનોને બિનચૂક ઉપસ્થિત કરવા વિનંતી કરવામાં આવી છે.

TOP

## શહેર સુરતમાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં તા.૨૧/૦૮/૨૦૧૩ ના રોજ નીચે મુજબની કામગીરીમાં કરવામાં આવેલ છેઃ–

(૧) ટી.પી.સ્કીમ નં.૩૬ (અલથાણ) ફા. પ્લોટ નં.૧૧૭/એ માં આવેલ પરસોત્તમ નગર સોસાયટીના સી.ઓ.પી.માં શ્રી શૈલેષભાઈ આર. શાહ તરફથી આશરે ૭૫૦ ચો.ફુટ સી.ઓ.પી. કબજે કરવાના ઈરાદે કમ્પાઉન્ડ દિવાલ બનાવવા માટે ઓગર અને આર.સી.સી. બીમ ભરવાનું કામ કરેલ જે આજ રોજ દુર કરવામાં આવેલ છે. સદરહું કામગીરી પેટે મિલકતદાર પાસેથી રૂા.૩૦૦૦/– ડીમોલેશન ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

(૨) ટી.પી.સ્કીમ નં.૪ (ઉમરા–સાઉથ) ફા.પ્લોટ નં.૩૮ સંગમ સોસાયટીના બંગલા નં.૩ ના માલિક શ્રી હર્ષદભાઈ ચોખાવાલા / ભરતભાઈ ચોખાવાલા તરફથી પાછળની તરફ માર્જીન કવર્ડ કરી રૂમ બનાવવાના ઈરાદે આર.સી.સી. કોલમ, દુર કરવામાં આવેલ છે. તેમજ મિલકતદાર પાસેથી રૂા.૫,૦૦૦/– ડીમોલેશન ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

સદરહું કામગીરી અત્રેના શહેર વિકાસ ખાતા ધ્વારા ડેપ્યુટી કમિશનરશ્રીની સુચનાથી કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી દેખરેખ હેઠળ સફળતા પૂર્વક દુર કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા કવિશ્રી નર્મદની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે વંદના સહ ભાવાંજલિ કાર્યક્રમઃ–

સુરત મહાનગરપાલિકા દ્વારા કવિશ્રી નર્મદની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૨૪/૦૮/૨૦૧૩ ને શનિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર, સુરત ખાતે કવિશ્રી નર્મદની વંદના સહ ભાવાંજલિનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. સુરતના મહાન સપૂત, પ્રખર સમાજસુધારક અને ગરવી ગુજરાતના પ્રણેતા એવા કવિશ્રી નર્મદને વંદના સહ ભાવાંજલિ કાર્યક્રમમાં પધારવા નગરજનોને હાર્દિક નિમંત્રણ છે.

TOP

## ''સુરત મહાનગરપાલિકા આયોજિત ચિત્રકામ સ્પર્ધા''

સુરત મહાનગરપાલિકા અને કલા દર્પણ સંસ્થા (સંસ્કૃતિનું પ્રતિબિંબ)ના સંયુકત ઉપક્રમે ''વાવે સુરત'' અભિયાન અંતગર્ત ''ચિત્રકામ સ્પર્ધા'' નું આયોજત તા.૨૭/૦૮/૨૦૧૩, મંગળવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે આર્ટ ગેલેરી, એસ.એમ.સી. સાયનસ સેન્ટર, સીટીલાઈટ રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. સ્પર્ધાના ચાર વિભાગ નીચે મુજબ છે. સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારમાં આવેલી પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. આ સ્પર્ધા ગૃપ : બ–ધો.૪ થી ૫, ગૃપ : ખ–ધો.૬ થી ૮, ગૃપ : હ–ધો.૯ અને ૧૦ (માધ્યમિક વિભાગ), મ–ધો.૧૧ અને ૧૨ (ઉચ્ચતર માધ્યમિક વિભાગ) એમ ચાર વિભાગમાં યોજાશે. સ્પર્ધાનાં દરેક ગૃપમાં શાળાદીઠ એક જ વિદ્યાર્થી ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સાંસ્કૃતિક વિભાગ, ચં.ચી.મહેતા નાટ્યગૃહ(રંગઉપવન), ચોકબજાર, સુરત ખાતેથી તા.૨૬/૦૮/૨૦૧૩ સુધીમાં ઓફિસ દરમ્યાન મેળવી પ્રવેશપત્ર સાથે જન્મનો દાખલો, સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ, અથવા અન્ય ઉંમરના પુરાવાની સર્ટીફાઈડ કોપી સહિત પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in પરથી પણ મળી શકશે. વધુ માહિતી માટે ફોન નં.૨૪૬૧૬૯૪ પર સંપર્ક કરવો.

TOP

## નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૨/૦૮/૨૦૧૩ ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ ઝોનના જુની./આસી. ઈજનેરો શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતુ, અને ખાનગી ઈજારદારના માણસોને સાથે રાખીને ડીમોલીશનની કરેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી.સ્કીમ નં.૪૯ (કતારગામ) માં મગનનગર સોસાયટી વિભાગ–૨ માં સબ પ્લોટ નં.૧૬૬ માં ગ્રા. ફલોર + એક માળના હયાત બાંધકામની ઉપર શરૂ કરેલ બાંધકામમાં ચોથા માળે અંદાજે ૩૫૦ ચો. ફુટ આર.સી.સી. સ્લેબનું બાંધકામ દુર કરેલ. તથા ડીમોલીશન વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૨) ટી.પી.સ્કીમ નં.૪૯ (કતારગામ) માં મગનનગર સોસાયટી વિભાગ–૨ માં સબ પ્લોટ નં.૭૨, ૭૩ માં ગ્રા. ફલોર + બે માળના હયાત બાંધકામમાં ચોથા માળે આર.સી.સી. સ્લેબ દુર કરેલ. જેમાં અંદાજે ૩૦૦ ચો. ફુટ બાંધકામ દુર કરેલ. તથા ડીમોલીશન વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP